# India's Union Budget 2018-'19
# (કેન્દ્રીય અંદાજપત્ર ૨૦૧૮-'૧૯)

**Sumit Parmar**
Assistant Professor (Economics)
V. C. T. Mahila Arts & Commerce College, Bharuch, Gujarat.

Received: Feb. 11, 2018 Accepted: March 04, 2018

**પ્રસ્તાવના:-**

અંદાજપત્રનો અંગ્રેજી અર્થબજેટ (Budget)થાય છે. અંદાજપત્ર એટલે રાષ્ટ્રનાઅર્થતંત્રનું પ્રતિબિંબ. દેશનાનાણાંપ્રધાન અને આર્થિક તજજ્ઞોનાઅભ્યાસ, અનુભવતથાતત્કાલિન પરિસ્થિતિનાં પરિપ્રેક્ષમાં તૈયારકરાયેલાંતારણોનાઆધારે આગામી વર્ષમાટેનાંનાણાંકીય લેખા-જોખાં એટલે બજેટ. નાણાંપ્રધાન બજેટ રજુકરે છે અને તે પ્રસંગ સાથે એક પ્રણાલિકાગતવાતાવરણ સંકળાયેલું હોય છે. વસ્તુતઃ બજેટ દિવસ એટલે નાણાંપ્રધાનનો દિવસ.

ભારતમાં પ્રો.જેમ્સ વિલ્સને ૧૮ મી ફેબ્રુઆરી ૧૮૬૦ નારોજ પ્રથમબજેટ રજુકર્યું જેમાંઆવકપર વેરો, વ્યાપારપરલાયસન્સડ્યૂટી જેવી અનેક દરખાસ્તો રજૂ કરી. ફેબ્રુઆરી માસમાંબજેટ રજૂ કરવાની પ્રણાલિકાઆજ દિનસુધી જળવાઇરહી છે. આથી જેમ્સ વિલ્સનને ભારતીય બજેટ પધ્ધતિનાઆદ્યસ્થાપકતરીકે ઓળખવામાંઆવે છે.

**અંદાજપત્ર અંગેની સામાન્ય માહિતી:-**

સરકારનું અંદાજપત્રઅગાઉનાવર્ષની તુલનામાં પ્રવર્તમાન વર્ષદરમિયાનસરકારની અંદાજિતઆવક અને અંદાજિતખર્ચતથાસરકારને થયેલ ખરેખર આવક અને ખરેખર ખર્ચ તેમજઆગામી વર્ષદરમિયાનથનાર અંદાજિતઆવક અને અંદાજિતખર્ચનું ચિત્રરજૂ કરે છે. અંદાજપત્રપુરાંતવાળુઅથવાખાધવાળુ હોય છે.

વડાપ્રધાનશ્રીનાવડપણ હેઠળનાણામંત્રીશ્રી અરૂણ જેટલી ધ્વારા પોતાનું પાંચમું અંદાજપત્ર ૧ ફેબ્રુઆરી ૨૦૧૮ માં ૨૦૧૮-૧૯ નુંરૂ.૨૪.૪૨ લાખકરોડનુંબજેટ રજૂ કર્યું. આઅંદાજપત્ર ગરીબી,ગ્રામીણ અને કૃષિવિકાસલક્ષી છે. કેન્દ્રીય અંદાજપત્રની મહત્વની બાબતો નીચે મુજબ છે.

**રૂપિયોક્યાંથી આવશે?**

| **વિગત** | **પૈસા** |
|---|---|
| કરવેરા,દેવા સિવાયનાઅન્ય વિકલ્પ | ૧૧ પૈસા |
| કોર્પોરેશન અને આવક વેરા ધ્વારા | ૩૫ પૈસા |
| જીએસટી સહિતઅન્યપરોક્ષ કરવેરા | ૩૫ પૈસા |
| ઉધાર, અન્યઉપાયો ધ્વારા | ૧૯ પૈસા |

**રૂપિયોક્યાંજશે?**

| વિગત | પૈસા |
|---|---|
| રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને | ૩૨ પૈસા |
| સબસીડી | ૧૧ પૈસા |
| લીધેલી લોનનાવ્યાજની ચૂકવણી | ૧૮ પૈસા |
| અન્યખર્ચ | ૨૭ પૈસા |
| સંરક્ષણ અને અન્ય સેવાઓ પાછળ | ૧૨પૈસા |

**વિવિધ ક્ષેત્રોમાંફાળવણી:-**

**આરોગ્ય ક્ષેત્ર:-**

- વિશ્વનાસૌથી મોટા રાષ્ટ્રીય આરોગ્ય સુરક્ષાકાર્યક્રમ માટે ૧૨૦૦ કરોડની ફાળવણી.
- તેના અંતર્ગત ૧૦ કરોડ ગરીબ પરિવારોને ૫ લાખની કેશલેસ સારવારમળશે.
- ૫૦ કરોડ ગરીબ પરિવારોને લાભમળશે.
- અત્યારે રાષ્ટ્રીય સ્વાસ્થ્ય બીમા યોજના અંતર્ગત વાર્ષિક ૩૦,૦૦૦નું હેલ્થ કવર મળે છે.

**મધ્યમ વર્ગને:-**

- દેશનાકરોડો મધ્યમવર્ગીય પરિવારોને આવકવેરામાંથી રાહતજોઇતી હતી, પરંતુ સ્લેબમાંકોઇ જ ફેરફાર કરવામાં ન આવ્યો.
- આશરે ૧૨ વર્ષપછી સરકારે રૂ.૪૦ હજારનુંસ્ટાન્ડર્ડ ડિડકશન લાવી, પરંતુઅત્યારસુધી રૂ.૧૯,૨૦૦ ના ટ્રન્સપોર્ટ એલાઉન્સ અને રૂ.૧૫ હજારના મેડિકલખર્ચપર રિબેટ મળતું એટલે કે કુલ રૂ.૩૪,૨૦૦ નો ફાયદો થતો, પરંતુ રૂ.૪૦ હજારની મર્યાદાથી ફાયદો તો ફકત રૂ.૫,૮૦૦ નો જ મળશે.
- પેટ્રોલ-ડીઝલપર રૂ. બે ની બેઝિકડયૂટી અને એડિશનલ છ ટકા એકસાઇઝડયુટી નાબૂદ કરી.
- મ્યુચ્યુલ ફંડોપરથતી આવકપરપણ ૧૦ટકા ટેક્સલાગશે.
- આરોગ્ય અને શિક્ષણપરનો સેસ ત્રણથી વધારીને ચારટકાકરીને સરકારે રૂ.૧૧ હજારકરોડની આવકઉભી કરી.
- વ્યકિતગતઆવકવેરો અને કોર્પોરેશન સેસ ત્રણટકાયથાવત.

**કૃષિ અને ખેડૂતોને:-**

- ખેડૂતોને ખરીફ પાકો પર ટેકાનાલઘુતમભાવ દોઢ ગણાઅપાવવાની જાહેરાત.
- દેશની ૨૨ હજાર ગ્રામીણ હાટ અને ૫૮૫ એપીએમસીને અપગ્રેડ કરીને ઇલેકટ્રોનિક નેશનલ એગ્રિકલ્ચરમાર્કેટ સાથે જોડાશે. ત્યાંથી ખેડૂતો પોતાનાકૃષિ ઉત્પાદનો સીધા હોલસેલરોને વેચી શકશે.
- ઊપરોકતયોજનાનો અમલકરવા રૂ. બે હજારકરોડની ફાળવણી.
- કૃષિ ઉત્પાદનો કરતી રૂ.૧૦૦ કરોડનુંટર્નઓવરધરાવતી કંપનીઓને પહેલાં પાંચ વર્ષસુધી કરવેરામાં સંપૂર્ણબાદબાકી.
- કિસાન કેડિટનાલાભપશુપાલકો અને માછીમારોને પણમળશે.
- ૨,૦૦૦ કરોડનાકૃષિ બજાર અને ઇન્ફ્રાસ્ટ્રકચર ફંડની સ્થાપનાકરાશે.
- આવખતે કૃષિ લોન માટે ૧૧ લાખકરોડનુંલક્ષ્ય છે.

**લઘુ-મધ્યમ અને માઇક્રો ઉદ્યોગો તથારોજગાર:-**

- લઘુ-મધ્યમ અને માઇક્રો ઉદ્યોગોને પ્રોત્સાહનમાટે ૩,૭૯૪ કરોડની ફાળવણી.
- મુદ્રાયોજના અંતર્ગત ૩ લાખકરોડની લોનનુંલક્ષ્ય.
- ચાલુવર્ષે ૭૦ લાખનવી નોકરીઓનું નિર્માણ કરવાનુંલક્ષ્ય.
- તમામ ક્ષેત્રમાંનવા કર્મચારીઓ માટે સરકારEPF માં ૧૨%નો ફાળો આપશે.
- પ્રવાસનઉદ્યોગને વેગ આપવા ૧૦ નવા પ્રવાસનસ્થળોનો વિકાસકરાશે.

**શિક્ષણઅનેસમાજકલ્યાણ:-**

- શિક્ષણમાટે ૮૫,૦૧૦ કરોડની ફાળવણી.
- દેશમાં ૨૦ નવી પ્લાનિંગ એન્ડ આર્કિટેકચરસ્કૂલ શરૂ કરાશે.
- આદિવાસી બાળકો માટે એકલવ્ય મોડલ રેસિડેન્શિયલસ્કૂલની સ્થાપનાકરાશે.
- ૨૦૨૦ સુધી નેશનલ ડેવલપમેન્ટ સ્કીમ અંતર્ગત ૫૦ લાખછાત્રોને સ્કોલરશીપ.
- ચાલુનાણાકીયવષમાં ૭૦ લાખનવી નોકરી ઊભી કરવાનુંલક્ષ્ય.

**રેલ્વે બજેટ:-**

- રેલવેને રૂ.૧.૪૮ લાખકરોડની ફાળવણી.
- દેશના ૬૦૦ રેલવે સ્ટેશનનુંઆધુનિકીકરણ
- ૪,૦૦૦થી વધુમાનવક્રોસિંગ બંધ કરાશે.
- ૩,૬૦૦ નવી રેલવે લાઇન પાથરવામાંઆવશે.
- ૧૧ હજાર ટ્રેન અને ૮,૫૦૦ રેલવે સ્ટેશનને સીસીટીવી થી સજ્જકરાશે.
- વડોદરામાં રેલવે યુનિ.ની સ્થાપનાકરાશે.

**આવકવેરાના સ્લેબમાંકોઈ ફેરફારનહીં:-**

| આવક | નવો ટેકસ સ્લેબ |
|---|---|
| ૨.૫ લાખસુધી | શૂન્ય |
| ૨.૫ થી ૫ લાખ | ૫ ટકા |
| ૫ લાખ થી ૧૦ લાખ | ૨૦ ટકા |

૧૦ લાખ થી ૫૦ લાખ ૩૦ ટકા

**સડક-પાણી-હવાઈપરિવહનઃ-**

- દેશમાંમાળખાગત સુવિધાઓ ઊભી કરવામાટે ૫.૯૭ લાખકરોડ.
- હવાઇકનેક્ટિવિટી વધારવાવર્તમાન ૧૨૪ એરપોર્ટમાંનવા ૫૬ એરપોર્ટ અને ૩૧ હેલિપેડ બનાવાશે.
- એક વર્ષમાં ૧ અબજઉડાન હેન્ડલ કરવાનુંલક્ષ્ય.
- ટોલ પ્લાઝા સિસ્ટમ નાબૂદ કરવામાટે પ્રગતિ સોફટવેર માટે ૯.૪૬ લાખકરોડની ફાળવણી.

**ડિસઇન્વેસ્ટમેન્ટ અને સોનુંઃ-**

- વર્ષ ૨૦૧૮-૧૯ માટે ડિસઇન્વેસ્ટમેન્ટનો ટાર્ગેટ ૮૦,૦૦૦ કરોડ કરાયો.
- નેશનલઇન્શ્યોરન્સ કંપની, યુનાઇટેડ ઇન્ડિયાઇન્શ્યોરન્સ કંપની અને ઓરિએન્ટલ ઇન્ડિયાઇન્શ્યોરન્સ કંપનીનું વિલિનીકરણકરી એક કંપની બનાવાશે.
- સોનાને એક સંપત્તિ તરીકે બનાવવાકોમ્પ્રિહેન્સિવગોલ્ડ પોલિસી બનાવાશે.
- ગોલ્ડ મોનેટાઇઝેશનસ્કીમને નવો ઓપ અપાશે.

**ગરીબો અને મહિલાઓનેઃ-**

- વિશ્વની સૌથી મોટી રાષ્ટ્રીયઆરોગ્ય સુરક્ષાયોજનાની જાહેરાતકરી ૫૦ કરોડ ગરીબોને લાભઆપવાની જાહેરાત.
- આયોજના હેઠણ દસ કરોડ ગરીબ પરિવારોને હોસ્પિટલમાં બીજી અને ત્રીજી વારભરતી થવુંપડે ત્યારે રૂ.પાંચ લાખનાઆરોગ્ય વીમાનુંકવચ.
- આરોગ્ય, શિક્ષણ અને સામાજીકસુરક્ષામાટે રૂ.૧.૩૮ લાખકરોડનો ખર્ચકરાશે.
- ઊજ્જવલાયોજના હેઠળ દેશની આઠકરોડ ગરીબ મહિલાઓને મફત ગેસ જોડાણ.
- મહિલાઓનાસ્વસહાય જૂથોને અપાતી લોન માટેનું ભંડોળ પણવધારીને રૂ.૭૫ હજારકરોડ કરાયું.
- નેશનલ રૂરલલાઇવલીહૂડ મિશનમાટે રૂ.૫,૭૫૦ કરોડનુંબજેટ.
- સ્વચ્છભારતહેઠણવધુ બે કરોડ ટોઇલેટ બંધાશે.

**સિનિયર સિટીઝન્સનેઃ-**

- સિનિયર સિટીઝન્સને ડિપોઝીટ પરમળતાવ્યાજ છૂટની મર્યાદા રૂ. ૧૦ હજારથી વધારીને રૂ.૫૦ હજારકરાઇ.
- આરોગ્ય વીમાના પ્રીમીયમની મર્યાદા રૂ.૩૦ હજારથી વધારીને રૂ.૫૦ હજારકરાઇ, જયારે ગંભીર બિમારીમાં તે મર્યાદા રૂ.એક લાખસુધીની કરાઇ.

**ડિજિટલઅર્થતંત્રઃ-**

- ડિજિટલ ઇન્ડિયા પ્રોગ્રામમાટે ૩,૦૭૩ કરોડની ફાળવણી.
- સંદેશાવ્યવહારનામાળખાને વધુમજબૂત કરવા ૧૦,૦૦૦ કરોડનું ફંડ.
- ગ્રામીણ વિસ્તારોમાંઇન્ટરનેટ સુવિધાવધારવા ૫ લાખવાઇફાઇસ્પોટ ઊભાકરાશે.

**સંરક્ષણક્ષેત્ર માટે ફાળવણીઃ-**

- સંરક્ષણબજેટમાંમાત્ર ૭.૮૧ ટકાનો વધારો.
- ગતવર્ષના ૨,૭૪,૧૧૪ કરોડથી વધારી ૨,૯૫,૫૧૧ કરોડ કરાયું.
- સરહદી વિકાસમાટે ૧૭૫૦ કરોડ.
- આઇબી માટે ૧,૮૭૬.૪૪ કરોડ અને સીબીઆઇમાટે ૬૯૮.૩૮ કરોડ.
- પોલીસને અત્યાધુનિકબનાવવામાટે ૪૨૮૬ કરોડ.

**સંદર્ભસૂચિઃ-**

૧. પ્રિ.આર.સી.જોષી અને અન્ય.(૨૦૧૮-૧૯), "જાહેર અર્થવિધાન", ન્યુ પોપ્યુલર પ્રકાશન,સુરત
૨. ગુજરાતસમાચાર તા.૨ ફેબ્રુઆરી, ૨૦૧૮
૩. સંદેશ તા.૨ ફેબ્રુઆરી, ૨૦૧૮
૪. દિવ્યભાસ્કર તા.૨ ફેબ્રુઆરી, ૨૦૧૮
૫. લેટેસ્ટ ફેકટસ ઇન જનરલનોલેજ, માર્ચ ૨૦૧૮